ઓનલાઈન

# નોંધણી સર નિરીક્ષક કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર


સ્ટેમ્પ અને નોંધણી ભવન,બીજો માળ,"ખ-૫" સર્કલ પાસે, સેક્ટર -૧૪,ગાંધીનગર -૩૮૨૦૧૪

ફોન નં: (૦૭૯) ૨૩૨૮૮૬૧૪, (૦૭૯) ૨૩૨૮૮૩૪૨


ક્રમાંક/ઇજર/વહટ/૧૪૧/૨૦૧૬/૩૭૮૪૮ થી ૩૭૮૮૨ તા.૯/૧૧/૨૦૧૭

પ્રતિ,

નોંધણી નિરીક્ષકશ્રી,

અમદાવાદ

વિષય: માન.પ્રધાનમંત્રી આવાસ યોજના અને માન.મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગતના મકાનોના દસ્તાવેજોની નોંધણીમાં વીડીયો રેકોર્ડીંગ કરવામાંથી મુક્તિ આપવા બાબત.

સંદર્ભ:(૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક:ઇજર/વહટ/૩૪૭/૨૦૧૪/૩૨૩૯૨ થી ૩૨૭૫૭ તા:૧૧/૧૧/૧૬

(૨) આપના પત્ર ક્રમાંક:વહટ/નોં.નિ./આવાસ યોજના/રેકોર્ડીંગ/૫૪૫૫ થી ૫૪૫૬/૧૭ તા:૧/૧૧/૧૭

(૩) જાગીર વ્યવસ્થાપકશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ,અમદાવાદના નંબર:જાવ્ય/૧૩૧૦૪/૨૦૧૭ તા:૨૫/૧૦/૧૭

ઉપરોક્ત વિષયેના સંદર્ભ (૧) વાળા પરિપત્રની જોગવાઇ મુજબ બિનખેતીના સ્થાવર મિલકતની તબદીલીના તથા તબદીલીને અસરકર્તા લેખોમાં પક્ષકારોનું વીડીયો રેકોર્ડીંગ કરવાનું થાય છે. જે અન્વયે આપની કચેરીના સંદર્ભ (૨) વાળા પત્રથી માન.પ્રધાનમંત્રી આવાસ યોજના અને માન.મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગતના મકાનોના દસ્તાવેજોની નોંધણીમાં વીડીયો રેકોર્ડીંગ કરવામાંથી મુક્તિ આપવા જણાવેલ છે. જે પરત્વે જણાવવાનું કે, ગુજરાત હાઉસિંગ બોર્ડ ગુજરાત સરકાર હસ્તકનું બોર્ડ હોઇ, દસ્તાવેજ લખી આપનાર ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકૃત અધિકારી હોઇ તેમજ સરકારશ્રીની યોજનાઓના મકાનોના દસ્તાવેજ હોઇ, સદર દસ્તાવેજોમાં વીડીયો રેકોર્ડીંગમાંથી મુક્તિ આપવામાં આવે છે.

નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના:

(૧) જાગીર વ્યવસ્થાપકશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, પ્રગતિ નગર, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) નોંધણી નિરીક્ષકશ્રી તમામ તરફ ઓનલાઇન જાણ તથા અમલ સારૂ.